ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
નવસારી-વલસાડ-વાપી



**આકાશી આફત** — વલસાડમાં મેઘરાજાનું રૌદ્ર સ્વરૂપ, રસ્તાઓ પર પાણી ફરી વળતા વાહનવ્યવહાર ઠપ્પ

# ગુજરાતના ચેરાપુંજી કપરાડાની નદીઓમાં ઘોડાપૂર

**નદીઓ** બે કાંઠે છલકાતાં ૪૦થી વધુ ગામો સંપર્કવિહોણા

**પાર**, કોલક અને દમણગંગા નદીમાં ભયાનક પૂર

**વલસાડ** જિલ્લામાં 327 માર્ગો વાહન વ્યવહાર માટે બંધ કરાયા




### માન નદીના ધસમસતા પાણીમાં કાર તણાઈ : ચાલકનો બચાવ

ધરમપુર તાલુકાના અંતરિયાળ બોપી ગામે માન નદીમાં ભારે પૂર હોય બ્રિજ ઉપરથી પાણી ફરી વળ્યું હોવા છતાં એક કારચાલકે પસાર થવાનું દુ:સાહસ કરતા કાર બંધ થતા કાર ધસમસતા પાણીમાં ખાબકી હતી. જોકે ચાલકનો બચાવ થયો હોવાનું સ્થાનિકોએ જણાવ્યું હતું.

વલસાડ : વલસાડ જિલ્લામાં મંગળવારથી શરૂ થયેલો ધોધમાર વરસાદ બુધવારે પણ યથાવત રહ્યો હતો. ગુજરાતના ચેરાપુંજી ગણાતા કપરાડા તાલુકામાં બુધવારે સવાર સુધીમાં અધધ 17 ઈંચ અને નાનાપોંઢા તાલુકામાં 11.02 ઈંચ જેટલો વરસાદ ખાબકતા જનજીવન અસ્ત વ્યસ્ત થઈ ગયું હતું. તાલુકામાંથી પસાર થતી પારનદી, કોલક નદી, દમણગંગા સહિતની નદીમાં ભયાનક પુર આવ્યા હતાં. જેના પગલે તમામ નાના પુલો, કોઝ્વે ડૂબી જતા 40થી વધુ ગામનાં હજારો લોકો મુશ્કેલીમાં મુકાયા હતાં. તો વાપીથી ચણોદ થઈ નાનાપોંઢા માર્ગ ઉપર કરવડ નજીક માર્ગ ઉપર પાણી ભરાઈ જતા વાહનોના આવાગમન બંધ થતા લોકો મુશ્કેલીમાં મુકાયા હતા. કપરાડા, નાનાપોંઢા તાલુકાના ઈન્ચાર્જ મામલતદાર સંજયભાઈ ટેલરે જણાવ્યુ કે, વધુ વરસાદ હોય તંત્રને એલર્ટ મોડ ઉપર રાખ્યું છે. અત્યાર સુધી કોઈપણ અનિચ્છનીય ઘટના સામે નથી આવી. તો નાનાપોંઢા ટીડીઓ પ્રીતેશ બારિયાએ જણાવ્યુ કે, અંભેટી નજીક પાણીમાં બસ ફસાતા મુસાફરોનું સલામત રેસ્ક્યુ કરાયું હતું. આ સિવાય કોઈ અન્ય ઘટના સામે નથી આવી, છતાં વરસાદને લઈ કર્મચારીઓને જરૂરી સૂચના આપી દેવાઈ હતી. વલસાડ જિલ્લામાં ભારે વરસાદના પગલે 327 માર્ગો બંધ કરવામાં આવ્યા છે.

### અંભેટી નજીક ધસમસતા પાણીમાં બસ ફસાઇ

નાનાપોંઢથી વાયા અંભેટી થઈ વાપી જતા માર્ગ ઉપર અંભેટી વાપી રોડ ઉપર રોહિત ફળિયા નજીક માર્ગ ઉપર પાણી ફરી વળતા તેમાંથી નાસિકની ખાનગી લક્ઝરી બસ નંબર ડી.એલ.01.બી.1608ને હંકારી જવાનું ચાલકને ભારે પડ્યું હતું. પાણીના તેજ વહેણને લઈ બસ અટકી જતા મુસાફરોની સુરક્ષા જોખમાઈ હતી. જોકે નાનાપોંઢા ટી.ડી.ઓ. પ્રીતેશ બારિયા અને મામલતદાર એસ જે.ટેલર દ્વારા સ્થાનિક પોલીસ સહિતને જાણ કરતા સ્થાનિકો, પોલીસે ધસમસતા પાણી વચ્ચેથી બસ સુધી પહોંચી આશરે 16 મુસાફરોનું રેસ્ક્યુ કર્યું હતું. પોલીસે ખભા ઉપર મુસાફરોને ઊંચકી બહાર સુધી લાવ્યા હતાં. સાથે બસને પણ બહાર કાઢવામાં આવી હતી.

**પાલિકા અને બિલ્ડરોના પાપે શહેરના વિસ્તારોમાં પાણી ભરાયા**

## ઔરંગાના પૂરના પાણી ઘરોમાં ઘૂસ્યા

**વેજલપોલ** ગામે ૨૦થી વધુ પરિવારોનું સુરક્ષિત રેસ્ક્યૂ

**તંત્ર** હાઈ એલર્ટ પર, આશ્રય માટે શેલ્ટર હોમ શરૂ કરાયું

**કાશ્મીરાનગર** વિસ્તારના 300 લોકોનું સ્થળાંતર



વલસાડ : વલસાડ જિલ્લામાં ધોધમાર વરસાદથી જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. નદીઓ ગાંડીતૂર બનતા ને ગ્રામીણ વિસ્તારોમાં ફરી વળ્યા છે. સૌથી વધુ માઠ અસર વેજલપોલ ગામે જોવા મળી છે, જ્યાં ઔરંગા નદીના પાણી ઘરોમાં ઘૂસી ગયા હતા. આગેવાનોએ ઘરોમાં ફસાયેલા ૨૦થી વધુ પરિવારોને સલામત રીતે બહાર કાઢ્યા હતા.

અનરાધાર વરસેલા વરસાદના કારણે વલસાડ શહેરના છીપવાડ દાણા બજારમાં પાણીનો ભરાવો થયો હતો. તિથલ રોડ પર જજીસ બંગલા પાસે સાંજ સુધી પાણીનો ભરાવો રહ્યો હતો. તિથલ રોડ સિવાય હાલર વિસ્તાર, નાનકવાડા ગામ, ભાગડાવડા ગામના અનેક ઘરોમાં પાણી ભરાઇ ગયા હતા. અબ્રામાની સોસાયટીઓમાં પાણી જ પાણી રહ્યા હતાં. રાજન નગરમાં અનેક ઘરોમાં પાણી ભરાયા હતા. બુધવારે 9 ઈંચથી વધુ વરસાદ વલસાડ તાલુકામાં જોવા મળ્યો હતો. વલસાડના કાશ્મીરા નગર અને આસપાસના 250 થી 300 લોકોનું સુરક્ષિત સ્થળે સ્થળાંતર કરવામાં આવ્યું છે.

### ભારે વરસાદના પગલે સ્કૂલ કોલેજોમાં રજા જાહેર

વલસાડમાં મધરાતથી જ ભારે વરસાદ વરસતાં આ વખતે વહેલી સવારે જ સ્કૂલ અને કોલેજોમાં રજા જાહેર કરી દેવાઇ હતી. જેની સાથે ટ્યુશન શિક્ષકોએ પણ રિસ્ક ન લઇ રજા આપી દીધી હતી. જેને લઇ વિદ્યાર્થીઓને મજા પડી ગઇ હતી.

### તિથલ બીચ સુરક્ષા હેતુ લોકો માટે બંધ કરાયો

વલસાડમાં મધરાતથી શરૂ થયેલા ભારે વરસાદ સાથે વહેલી સવારથી તિથલ બીચ પર ભરતી જોવા મળી હતી. જેના કારણે સુરક્ષાના હેતુ માટે તિથલ બીચ લોકો માટે બંધ કરાયો હતો. તેમ છતાં કેટલાક યુવાનો ત્યાં પહોંચતા, પોલીસે તેમને બહાર કાઢ્યા હતા.

### પાલિહીલમાં ફસાયેલા કામદારોને એનડીઆરએફએ રેસ્ક્યુ કર્યા

વલસાડના પાલિહીલ વિસ્તારમાં ચાલી રહેલા ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં કામ કરી રહેલા 3 કામદારો ભારે વરસાદના કારણે આજુબાજુ પાણી ભરાઇ જતાં ફસાયા હતા. જેની જાણ થતાં એનડીઆરએફની ટીમ ત્યાં પહોંચી હતી. તેમણે આ કામદારોને સુરક્ષિત રીતે પાણીમાંથી બહાર કાઢ્યા હતા.

## ઉમરગામમાં મેઘરાજાની 15 ઇંચ સુધીની મુશળધાર બેટિંગ

**શાળાઓમાં** રજા આપી દેવામાં આવી

**નવ** જેટલા કોઝવે અને રસ્તાઓ પાણીમાં ગરકાવ થતાં બંધ


ઉમેશ સોલંકી

ઉમરગામ : ઉમરગામ તાલુકામાં 15 ઇંચ વરસાદ ખાબકતાં જળબંબાકારની સ્થિતિ સર્જાઇ હતી. અતિભારે વરસાદને પગલે તંત્રએ શાળાઓમાં રજા જાહેર કરી દીધી હતી.

ધોધમાર વરસાદને કારણે નીચાણવાળા વિસ્તારો, ઘરો અને મુખ્ય માર્ગો પર પાણી ભરાઈ ગયા હતા. નારગોલ સહિતના વિસ્તારોમાં ઝાડ તૂટી પડ્યા હતા. તાલુકાના ૯ જેટલા માર્ગો અને કોઝવે પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. જેમાં ગોવાડા-કંકરાડી રોડ, જંબુરી છીપવાડાથી પુનાટ રોડ, સંજાણથી જાદી રાણા, સંજાણ-તલાસરી રોડ, પુનાટ-એકલારા રોડ, ભીલાડ-નરોલી અને ભીલાડ-નગવાસ રોડ તેમજ ઉમરગામ-દેહરી-ભુવલ કોસ્ટલ હાઈવેનો સમાવેશ થાય છે. વાહનચાલકોની સુરક્ષાને ધ્યાને રાખી રસ્તાઓ બંધ કરી બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. આ ઉપરાંત ઉમરગામ સ્ટેશન ટાઉન રોડ તેમજ સંજાણ અને ભીલાડ અંડરપાસમાં પાણી ભરાતાં વાહનવ્યવહાર ખોરવાતા લોકોને ભારે હાલાકી ભોગવવી પડી હતી. ઉમરગામ તાલુકામાં મોસમનો કુલ વરસાદ ૧૪૦૪ મીમી (૫૬.૧૬ ઈંચ) નોંધાયો છે.

## ઉપરવાસમાં ભારે વરસાદથી ધરમપુરની નદી બે કાંઠે

**ધરમપુરની** સ્વર્ગ વાહિની નદી કિનારે આવેલાં કોઠી ફળિયા નીચાણ વિસ્તારોમાં પાણીનો ભરાવો થતાં પાચં ઝૂપડાઓ પાણીમાં ગરકાવ

ધરમપુર : ધરમપુર પંથકમાં ઉપરવાસમાં અતિ ભારે વરસાદને કારણે તાન માન નદીઓ બંને કાંઠે રોદ્ર સ્વરુપે વહેતાં બામટી નાનીઢોલ ડુંગરીને જોડતો પુલ પર પાણી ફરી વળતા પુલ બંધ કરાયો હતો.

કરંજવેરીની માન નદી તથા આંબાતલાટ બોપી વિસ્તારની તાન નદી બંને કાંઠે રોદ્ર સ્વરુપે વહેતાં અસંખ્ય કોઝવે ઉપર વરસાદી પાણી ફરી વળતા એસટી તંત્રના 6 થી આઠ જેટલા રુટો રદ કરવામાં આવ્યા હતાં. ઉપરાંત ધરમપુર નગરનાં મધ્ય ભાગમાં આવેલી શહેરની વચ્ચેથી પસાર સ્વર્ગ વાહિની નદી અચાનક વરસાદના પાણીનો પ્રવાહ વધતા નદી કાંઠે વસતાં કોઠી ફળિયાના નીચાણ વિસ્તારોમાં પાણીનો ભરાવો થતાં નદી કિનારેના ચાર પાચં જેટલાં ઝૂપડાઓ પાણીમાં ગરકાવ થઈ ગયા હતાં. જોકે નગર પાલિકાના ચેરમેન રક્ષા જાદવે નદી કિનારે રહેતા રહીશોને સાવચેતી રાખવા અપીલ કરી હતી. જ્યારે શેરીમાલ કાગંવી ગામને જોડતો કોઝવે તથા સિદુમબર ગામથી ભટાડી ફળિયાને જોડતો ચેકડેમ કોઝવે તથા બામટી નાનીઢોલ ડુંગરીને જોડતો પુલ ભારે વરસાદને પગલે ગરકાવ થતાં અસંખ્ય વાહનચાલકો રાહદારીઓને ધરમપુર અવર જવર માટેનો માર્ગ સદંતર બંધ થયો હતો.

## ડાંગમાં મેઘરાજાની ધબધબાટીથી 13 કોઝવે પાણીમાં ગરકાવ

**લોકમાતાઓ** બે કાંઠે વહેતાં જિલ્લાના 20થી વધુ ગામો સંપર્કવિહોણા થયા, ગીરા ધોધ રોદ્ર સ્વરૂપે ખીલી ઊઠ્યો



ગિરીશ ભોયે

સાપુતારા : ડાંગ જિલ્લામાં મેઘરાજાની ધબધબાટી યથાવત રહેતા સર્વત્ર પાણીની રેલમછેલ ફરી વળી હતી. જેને પગલે નદી, નાળા, વહેળા, ઝરણા, અને કોતરડાઓ ગાંડાતુર બન્યા હતા. ડાંગની લોકમાતાઓ પાણીનાં પ્રવાહ સાથે ગાંડીતુર હાલતમાં બંને કાંઠે થઈ વહેતી જોવા મળી રહી છે. ડાંગ જિલ્લાનાં 13 કોઝવેકમ પુલો ઊંડા પાણીમાં ગરક રહેતા 20 થી વધુ ગામડાઓ સંપકવિહોણા બન્યા હતા. મેઘરાજાએ ધબધબાટી બોલાવતા વઘઇ નજીકનો ગીરા ધોધ અને ગિરમાળનો ગીરાધોધ રોદ્ર સ્વરૂપમાં જોવા મળ્યા હતા. સાપુતારામાં ધુમ્મસીયું વાતાવરણ છવાતા વાતાવરણ આહલાદક બની જવા પામ્યુ હતુ.

### વાપીમાં ૧૧.૦૮ ઇંચ વરસાદથી જનજીવન ખોરવાયું

વાપી : વાપીમાં વરસાદને લઈને જનજીવન ખોરવાયું હતું. છેલ્લા ચોવીસ કલાકમાં વાપી શહેરને મુશળધાર વરસાદે અસ્તવ્યસ્ત કરી નાંખ્યું હતું. બુધવારે દિવસ દરમિયાન જોરદાર વરસાદને કારણે વાપી શહેરમાં ઠેર ઠેર પાણી ભરાયા હતા. વાપી ઇસ્ટથી વેસ્ટ તરફ જતા જે ટાઈપ પાસે રેલવે અંડરપાસમાં રાતથી જ પાણી ભરાતા વાહનવ્યવહાર માટે બંધ કરવામાં આવ્યો હતો. છેલ્લા ચોવીસ કલાકમાં વાપીમાં ૧૧.૦૮ ઇંચ વરસાદ ઝીંકાયો હતો. બુધવારે દિવસ દરમિયાન ૧૨૩ મીમી એટલે કે પાંચ ઈંચ વરસાદ ઝીંકાયો હતો. જયારે રાત દરમિયાન ૧૦થી ૧૨ દરમિયાન ૮૬ મીમી વરસાદ ઝીંકાયો હતો. તેમજ રાત્રી દરમિયાન વરસાદ ચાલુ રહેતા તથા સવાર પછી પણ અવિરત વરસાદને લઈને વાપીમાં જનજીવન ઉપર માઠી અસર પડી હતી. કેટલાક વિસ્તારમાં ભારે વરસાદને લઈને પાણીનો ભરાવો થયો હતો.

### વલસાડનું સરદાર પટેલ સ્ટેડિયમ તળાવમાં ફેરવાયું



વલસાડ : વલસાડ શહેર સહિત જિલ્લાભરમાં અનરાધાર વરસાદને લઈ વલસાડનું સરદાર પટેલ સ્ટેડિયમ તળાવમાં ફેરવાયું હતું. ઉપરાંત કેમ્પસમાં આવેલા મમતા હેલ્થ ક્લબના પગથિયા સુધી પાણી ભરાઇ ગયું હતું. અહીં ગટરલાઇન ચોકઅપ થતા ચોમાસામાં આ સમસ્યા સર્જાઈ છે, છતાં પાલિકા ગટર લાઇનનું સફાઇકામ કરતી નથી. બીજી તરફ વલસાડ અતુલ માર્ગ ઉપર વાંકી નદી કિનારે આવેલા કન્ટ્રી ક્લબ નજીક માર્ગ ઉપર પાણી ફરી વળ્યું હતું. જેને લઈ સ્થાનિક વિસ્તારમાં આવેલી સોસાયટીના લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. બીજી તરફ કન્ટ્રી ક્લબ ખાતે કાર્યરત દક્ષિણ ગુજરાત વીજ કંપનીની કચેરીમાં પાણી ભરાઈ જતા કર્મચારીઓ મુશ્કેલીમાં મુકાયા હતાં. વીજ ઉપકરણો અને જરૂરી દસ્તાવેજોને કોઈ નુકશાન ન થાય તે માટેની વ્યવસ્થા ઉભી કરી હતી.

## પારડીમાં તળાવ છલકાતાં ઘરોમાં પાણી ઘૂસી ગયા

**પાલિકા** તાલુકામાં 103 લોકોનું સ્થળાંતર

**ઉમરસાડી** દેસાઈવાડ અંબિકાનગર અને માછીવાડ રોડ પર બાલક્રિષ્ણ રેસિડન્સી સામે કમર સુધી પાણી ભરાયા


અમૃત પટેલ

પારડી : પારડી શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં અવિરત વરસી રહેલા ભારે વરસાદને કારણે ઠેર-ઠેર પાણી ભરાયા હતા. જેથી રહીશો અને વાહનચાલકોને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. બીલિયા, સઈદની ચાલ, મચ્છી માર્કેટ, સુલભનગર, નાની મસાણી રોડ, પ્રજાપતિ હોલ, સર્વિસ રોડ, સંસ્કૃતિ એપાર્ટમેન્ટ, જેસલ પાર્ક, શિવ નગર અને રાણા સ્ટ્રીટ જેવા વિસ્તારોમાં વરસાદી પાણી ફરી વળ્યા હતા.

પારડીનું ઐતિહાસિક 99 એકરનું તળાવ સંપૂર્ણ ભરાઈ જતાં પાલિકા પ્રમુખ અને ચીફ ઓફિસરની ટીમે સુપડી તોડીને પાણીનો નિકાલ કરાવ્યો હતો, જેથી સ્થાનિક લોકોને રાહત મળી હતી. જોકે, મચ્છી માર્કેટ પાસે તળાવનું પાણી બહાર આવતાં સ્થાનિક લોકોના ઘરોમાં પાણી ઘૂસી ગયા હતા. જેને પગલે નગરપાલિકાની ટીમે જેસીબી મશીન વડે તાત્કાલિક પાણીના નિકાલની કામગીરી હાથ ધરી હતી.

પારડીના કલસર બે માઈલ પાસે ભારે વરસાદના કારણે અનેક વાહનો પાણીમાં ફસાયા હતા. ઘટનાસ્થળે પારડીના PI વાય. બી. ગોહિલ અને તેમની ટીમે ભીંજાઈને મદદરૂપ થઈ સરાહનીય કામગીરી કરી હતી. બીજી તરફ, પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાને રાખી ચીફ ઓફિસર કોમલબેન, પ્રમુખ ચેતન નાયકા, કારોબારી ચેરમેન ચેતન ભંડારી સહિતનાએ પહોંચી યુદ્ધના ધોરણે કામગીરી કરી હતી. સાવચેતીના ભાગરૂપે નીચાણવાળા વિસ્તારોમાં રહેતા કુલ ૧૦૩ લોકોનું સલામત સ્થળે સ્થળાંતર કરવામાં આવ્યું હતું.

## દમણમાં ૮.૭૨ ઈંચ ભારે વરસાદથી જળબંબાકાર

**રસ્તાઓ** બેટમાં ફેરવાતા સ્કૂલ-કોલેજોમાં રજા જાહેર કરવામાં આવી - મધુબન ડેમમાંથી ૧ લાખ ક્યૂસેક પાણી છોડાતાં દમણગંગા ઉફાન પર



### સેલવાસમાં ભારે વરસાદથી જનજીવન અસ્તવ્યસ્ત

વાપી : સંઘપ્રદેશ સેલવાસમાં બુધવારે દિવસ દરમિયાન છ ઈંચ અને ચોવીસ કલાકમાં વરસાદ ૧૩ ઈંચને આંબી ગયો હતો. જ્યારે મધુબન ડેમમાં જળ સપાટી તેના રૂલ લેવલથી ઉપર જતા પાણી છોડવાનું શરૂ કરવામાં આવ્યું છે. સાંજે પાંચ કલાકે મધુબન ડેમમાંથી ૯૫,૯૦૯ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. જ્યારે ડેમમાં પાણીની આવક ૭૯,૬૧૨ ક્યુસેક જોવા મળી હતી. સંઘપ્રદેશ દાદરા નગર હવેલીમાં ભારે વરસાદને લઈને જનજીવન ખોરવાયું હતું. તંત્રએ ભારે વરસાદને પગલે લોકોને સતર્ક રહેવા માટે જાણકારી આપી છે.

દમણ : દમણમાં ધોધમાર વરસાદના કારણે જનજીવન પર વ્યાપક અસર જોવા મળી હતી. પાણી ફરી વળતા રહિશોએ મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. દુકાનો તથા ઘરોમાં પણ પાણી ઘૂસી જતાં લોકોએ નુકશાન વેઠવાનો વારો આવ્યો હતો. સોમનાથ, કચીગામ, ભીમપોર અને કડૈયા વિસ્તારના ઔદ્યોગિક એકમોના રસ્તાઓ પાણીમાં ગરકાવ થતાં રોજગારીએ જતા કામદારો, નોકરી અને અન્ય કામકાજ અર્થે જતા લોકોએ ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. આ તરફ મોટી દમણના ઢોલર, માર્કેટ વિસ્તાર, લોહાર ફળિયા તથા અન્ય નીચાણવાળા વિસ્તારમાં પણ પાણી ભરાઈ ગયા હતા. ડાભેલમાં પણ મુખ્ય રસ્તા પર પાણી ભરાઈ જતાં રસ્તો બેટમાં ફેરવાઈ ગયો હતો. સાથે ડાભેલના જ કેવડી ફળિયામાં આવેલી વિવિધ ચાલીમાં પાણી ફરી વળતા કામદારો માલસામાનને સુરક્ષિત જગ્યાએ મૂકવા પ્રયાસ કરતા જોવા મળ્યા હતાં. સતત વરસાદથી સ્કૂલ કોલેજો બુધવારે બંધ રાખવાનો આદેશ કર્યો હતો. આ તરફ મધુબન ડેમમાંથી 1 લાખ ક્યૂસેક પાણી છોડાતા દમણગંગા નદી અને કોલક નદી બે કાંઠે ભારે ઉફાન સાથે વહેતા જોવા મળી હતી. જેના કારણે પાતલિયા કલસર બ્રિજ બંધ કરાયો હતો. દમણમાં બુધવારે 7.43 ઈંચ જ્યારે 24 કલાક દરમ્યાન 8.72 ઈંચ વરસાદ વરસતા જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી.

## ખેરગામમાં ૧૩ ઈંચ વરસાદથી જનજીવનને અસર

**ખેરગામના** પટેલ ફળિયામાં રાત્રિના સમયે બે ઘરની પેજારી તૂટી પડી

ખેરગામ : ખેરગામ તાલુકામાં ભારે વરસાદથી જનજીવનને અસર થઈ છે. તાલુકાના ૧૫ જેટલા માર્ગો ઉપર પાણી ફરી વળતા માર્ગો વાહન વ્યવહાર માટે બંધ કરવામાં આવ્યો છે. ખેરગામ બજારમાં આવેલા પટેલ ફળિયામાં રાત્રિના સમયે નર્મદા રાઠોડ અને સંજય રાઠોડના ઘરની પેજારી તૂટી પડી હતી.

ખેરગામ તાલુકામાં 24 કલાકમાં ૧૩ ઈંચ અને સિઝનનો કુલ ૫૮ ઈંચ જેટલો વરસાદ થયો છે. જેના પગલે તાલુકાના ૧૫ માર્ગો બંધ કરયા છે. તેમાં ઔરંગા નદીના નાંધઈ ગરગડીયા અને ચીમનપાડા મરગમાળ, બહેજ કૃતિખડક લો લેવલ બ્રિજ પાણીમાં ગરકાવ થતા વાહનવ્યવહાર બંધ થયો હતો.

### વાંસદાના ઉપરવાસના ભારે વરસાદથી ગ્રામ્યના કોઝવે પાણીમાં ગરકાવ

વાંસદા: વાંસદા તાલુકા તેમજ ઉપરવાસમા સતત ત્રણ - ચાર દિવસથી પડી રહેલા ભારેથી અતિભારે વરસાદના કારણે ગ્રામ્યના કોઝવે પાણીમા ગરકાવ થઈ જતા ગ્રામજનોને ભારે હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. ભારે વરસાદ થવાથી નદી કોતરોમા પાણીનું લેવલ વધતા કુલ ૨૯ જેટલા રસ્તાઓ વાહન વ્યવહાર માટે બંધ કરાતા તકલીફ ઉભી થઈ છે. ગ્રામ રસ્તાઓ પર પાણી ફરી વળતા વાટી, સરા, કાળાઆંબા, કેવડી, ખરજઈ, ચઢાવ, પાલગભણ, વાંદરવેલા, લીમઝર, ઝરી, ગંગપુર, ખાનપુર, બારતાડ, ઉનાઈ, ઉમરકુઇ, નિરપણ, ચોરવણી, અંકલાછ, સતીમાળ, ખાંભલા, નવતાડ, ચૌંઢા, પિપલખેડ, કુરેલિયા, કૂકડા, મોટીભમતી, ગોધાબારી, હોળીપાડા, મોળાઆંબા, ભીનાર, ખાટાઆંબા, ઘોડમાળ, બેડમાળ, જામલિયા, ચિકટીયા, વાઘાબારી, સુખાબારી, કેલિયા એમ કુલ ૩૬ ગામોને જોડતા રસ્તાઓ પાણીમાં ગરકાવ થઈ જતા આશરે ૧,૧૨,૨૩૬ જેટલા લોકો પ્રભાવિત થયા છે. નદી કોતરો પર આવેલા ડુબાઉ કોઝવેની જગ્યાએ મોટા પુલ બનાવવા લોકોની માંગણી સંતોષાય તો ભવિષ્યમા ચોમાસાની ઋતુ દરમ્યાન થતી હાલાકીનો અંત આવે તેવું ગ્રામજનોની ચર્ચાએ જોર પકડ્યું છે.